# Telephonic conversation between Prime Minister and Vladimir V. Putin, President of Russia on COVID-19

March 25, 2020

## વડાપ્રધાન અને રશિયાનાં રાષ્ટ્રપતિ વ્લાદિમિર વી. પુતિન વચ્ચે કોવિડ-19 પર ટેલીફોન પર વાતચીત

માર્ચ 25, 2020

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયન ફેડરેશનનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વ્હાદિમિર વી. પુતિન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીનાં સંદર્ભમાં વૈશ્વિક પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાને રશિયામાં આ રોગથી પીડાતા તમામ લોકોને જલ્દી સાજા થવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી અને આશા વ્યક્ત કરી હતી કે આ રોગ સામે લડવામાં રાષ્ટ્રપતિ પુતિનની આગેવાનીમાં રશિયાનાં પ્રયાસો સફળ થશે.

રાષ્ટ્રપતિ પુતિને ભારતમાં કોવિડ-19 નો સામનો કરવા માટે લેવામાં આવેલા પગલાઓની સફળતા માટે વડાપ્રધાનને શુભેચ્છાઓ પાઠવી હતી.

બન્ને નેતાઓ આ મોટી વૈશ્વિક કટોકટીથી આવી પડેલા તમામ પડકારોને પર્યાપ્ત રીતે ઉકેલવામાં આગળનાં પરામર્શો અને સહકાર પર સંમત થયા હતા, જેમાં આરોગ્ય, તબીબી, વૈજ્ઞાનિક સંશોધન, માનવીય બાબતો અને વૈશ્વિક અર્થવ્યવસ્થા પરની અસર સહિતનો સમાવેશ થાય છે. તેઓએ સંયુક્ત રીતે કોવિડ-19 સામે લડવા માટે આંતરરાષ્ટ્રિય સહકારની અગત્યતા પર ભાર મૂક્યો હતો, જી20 નાં ફ્રેમવર્કની અંદરનાં સહકાર સહિત.

વડાપ્રધાને રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓની સુખાકારી સુનિશ્ચિત કરવામાં રશિયન સત્તાધિકારીતાઓનાં સહકારની પ્રશંસા કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે તે ચાલુ રહેશે. રાષ્ટ્રપતિ પુતિને આ સંદર્ભમાં તમામ સહાયની ખાતરી આપી હતી. વડાપ્રધાને રાષ્ટ્રપતિ પુનિતને કહ્યું હતું કે ભારતીય સત્તાધિકારીતાઓ આવશ્યકતા અનુસાર રશિયન નાગરિકોની સુખાકારી અને આયોજીત વાપસી સુનિશ્ચિત કરવા માટે તમામ સંભવિત રીતે પ્રયાસોમાં સુવિધા પ્રદાન કરવાનું ચાલુ રાખશે.

બન્ને નેતાઓ સ્નેહપૂર્ણ અને સમયાંતરે ચકાસણી થયેલા દ્વિપક્ષીય સંબંધોનાં અદ્દભૂત આવેગ અને હૂંફને જાળવી રાખવા માટે પરસ્પર નજીકનો સહકાર ચાલુ રાખવા માટે પણ સંમત થયા હતા. તેઓએ પુનઃઉચ્ચારણ કર્યું હતું કે બાકી વર્ષમાં ક્રમશઃ તેઓનાં વ્યક્તિગત આદાન-પ્રદાનો માટેની કેટલીક તકોની તેઓ આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યા છે.

**નવી દિલ્હી**
**માર્ચ 25, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.